# સરકારી વિનયન અને વાણિજય કોલેજ સોનગઢ ખાતે વિશ્વ ઉદ્યોગ સાહસિકતા




**(બદલતા ભારત દૈનિક)**

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના તારીખ:૧૪/૦૮/૨૦૨૪ નાં પત્રક્રમાંક : CHE/2024/ 1986 સ્વદેશી જાગરણ મંચ પ્રેરિત અત્રેની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ સોનગઢ, ખાતે વિશ્વ ઉદ્યોગ સાહસિકતા દિવસ નિમિત્તે SSIP સેલ દ્વારા આત્મનિર્ભર ભારત પ્રકલ્પ હેઠળ કોલેજના આચાર્યનાં અધ્યક્ષ સ્થાને ઉજવણી કરવામાં આવી. ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળનાં અધ્યક્ષ જબ્બરખાન પઠાણ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ભૂતપૂર્વ વિદ્યાર્થી અને હિન્દ ટીવી નાં પત્રકાર સાદિક પઠાણ અને કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી યુ-ટ્યુબર અને બ્લોગર પ્રિયંકા ગામીતે પોતાની સફળતા અને સંઘર્ષની ગાથા પ્રસ્તુત કરી. કોલેજના આચાર્યશ્રી ડૉ. આર.એ.પટેલે નોકરી ઈચ્છવાને બદલે નોકરી દાતા બનવાની હાકલ કરી. જબ્બર પઠાણ એ યુવાનોને રોજગાર કૌશલ્ય વિકસાવવા તથા આત્મનિર્ભર બનવા માટે પ્રેરિત કર્યા. પ્રિયંકા ગામીતે સમાજમાં આત્મનિર્ભર બની રહેલી યુવતીઓને પડતી મુશ્કેલીઓ માટે સમાજમાં જનજાગૃતિ અને લિંગ ભેદભાવ દૂર કરવા ભાર આપ્યો. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન SSIP નાં કો-ઓર્ડીનેટર ડૉ. હિરેન કાકડીયા એ કર્યુ હતું. આ પ્રસંગે પત્રકાર મનીષ જ્ઞાનચદની ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમની આભારવિધિ અંજનાબેન ગામીતે કરી હતી. ૧૩૦ વિદ્યાર્થીઓએ ૧૮ અધ્યાપકો ઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કોલેજના તમામ સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવાવા માટે જહેમત ઉઠાવી હતી.